# બાંધકામ સાઈટ પર મૃત્યુના કિસ્સામાં શ્રમિકના પરિવારને રૂપિયા ૩ લાખની સહાય

## કુલ ૬.૫૦ લાખ નોંધાયેલા બાંધકામ શ્રમિકો : ગાંધીનગર જિલ્લાની હાલની ૧૯૧ બાંધકામ સાઇટોમાંથી ૧૭૭ સાઇટનું નિયમ મુજબ નિરીક્ષણ : બાંધકામ શ્રમિકોમાં જાગૃતિ વધે તે હેતુથી દર વર્ષે ૪ માર્ચના રોજ રાષ્ટ્રીય સલામત દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૬
ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સરકારે બાંધકામ શ્રમિકોના હિતમાં સરકારે અનેકવિધ પગલાં ભર્યા છે. શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલ ન હોય તેવા બાંધકામ શ્રમિકોના મૃત્યુના કિસ્સામાં તેમના પરિવારને પણ રૂપિયા ૩ લાખની સહાય આપવામાં આવે છે. હાલમાં રાજ્યમાં બાંધકામ શ્રમિક કલ્યાણ બોર્ડમાં ૬.૫૦ લાખથી વધુ શ્રમિકો નોંધાયા છે. આ બોર્ડ હેઠળ નોંધાયા ન હોય તેવા શ્રમિકોને પણ મૃત્યુના કિસ્સામાં નિયત સહાય આપવામાં આવે છે તેમ વિધાનસભાગૃહમાં બાંધકામ સાઈટ ઉપર થતા અકસ્માત અંગે ધારાસભ્યશ્રીના પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા શ્રમ અને રોજગાર મંત્રી દિલીપભાઈ ઠાકોરે જણાવ્યું હતું.

મંત્રીએ આ અંગે વધુ માહિતી આપતા કહ્યું હતું કે ગાંધીનગર જિલ્લામાં તારીખ ૩૧ ડીસેમ્બર ૨૦૧૯ની સ્થિતિએ બાંધકામ સાઈટ ઉપર થયેલા પ્રાણઘાતક અકસ્માતના કિસ્સામાં જવાબદારો સામે બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એક્ટ-૧૯૯૬ હેઠળ વિવિધ જોગવાઈના ભંગ બદલ નામદાર કોર્ટમાં ૨૪ કેસ તેમજ ચીફ ઈન્સ્પેકશન ઓફ ઈન્સ્પેક્શન ઓથોરિટીની કોર્ટમાં ૩૨ એમ કુલ ૫૬ કેસ કરવામાં આવ્યા.

આ સાઈટ ઉપર ભોગ બનેલા છ બાંધકામ શ્રમિકોના પરિવારોને તાત્કાલિક અસરથી રહેમરાહે રૂપિયા ૧૩,૯૫,૦૮૯ની સહાય કરવામાં આવી છે. બાકીની સહાય કેસના ચુકાદા બાદ આપવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં હાલમાં કાર્યરત ૧૯૧ બાંધકામ સાઈટ માંથી ૧૭૭ સાઈટનું સલામતીના ભાગરૂપે નિયમ મુજબ નિરીક્ષણ કરવામાં આવ્યું છે.

મંત્રીએ જણાવ્યું હતું કે શ્રમિકોમાં જાગૃતિ માટે બાંધકામ સાઈટો ઉપર સલામતી સપ્તાહ તેમજ દર વર્ષે ૪ માર્ચના રોજ રાષ્ટ્રીય સલામતી દિવસની પણ ઉજવણી કરવામાં આવે છે, જેથી કરીને શ્રમિકોની સલામતી વધુ સુદ્રઢ બનાવી શકાય.



### આણંદ ખાતેની એલિકોન ક્રિકેટ કપમાં ગાંધીનગરની ટીમે સુરતની લોટસ કૂહને સાત વિકેટે પરાજય આપ્યો

આણંદ ખાતે શરૂ થયેલી એલિકોન કપ ક્રિકેટ ટૂનામેન્ટમાં ગાંધીનગરની ક્રિકેટ ટીમે સુરતની લોટસ કૂહ સ્પોર્ટસની ટીમને ૭ વિકેટે પરાજય આપ્યો છે. આ મેચમાં ગુજરાતની ટીમ વતી અન્ડર-૧૯માં રમી ચુકેલા ગાંધીનગરના રાહુલ પટેલને ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ 'મેન ઓફ ધ મેચ' જાહેર કરાયા હતા. આણંદ ખાતે યોજાઈ રહેલી એલિકોન ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ પ્લેયર્સ એસોસિએશનની ટીમે ભાગ લીધો છે જેની પહેલી ટક્કર સુરતની લોટસ કૂહ સ્પોર્ટ્સની ટીમ સાથે થવા પામી હતી. આ મેચમાં લોટસ કૂહ ટીમે પ્રથમ બેટીંગ કરતા ૩૬.૩ ઓવરમાં ૧૪૦ રનનો સ્કોર કર્યો હતો જેમાં કથન પટેલના ૩૫ અને રિધમ પટેલના ૩૨ રનનો ફાળો હતો જ્યારે જીડીસીપે વતી જય પટેલે ૨૪ રનમાં ૪ વિકેટ અને સલીલ યાદવે ૨૦ રનમાં ૨ વિકેટ ઝડપી હતી. ૧૪૧ રનના લક્ષ્યાંકનો પીછો કરતાં જીડીસીપીએની ટીમે ક્ષિતિજ પટેલના ૩૭ તથા રાહુલ પટેલના નોટઆઉટ ૩૮ રનની મદદથી માત્ર ૩ વિકેટ ગુમાવી સાત વિકેટે મેચ જીતી લીધી હતી. આ મેચમાં રાહુલ પટેલને શાનદાર બેટીંગ માટે ''મેન ઓફ ધ મેચ'' ખિતાબ આપવામાં આવ્યો હતો.

# વડગામના સિસરાણા ગામે છરીની અણીએ ૧૪ માસની દિકરી સાથે મહિલાનું અપહરણ

## ૪ લાખના દાગીના ઉતરાવી લઇ મહિલા સાથે દુષ્કર્મ આચરાતાં ૩ વિરુદ્ધ ફરિયાદ

વડગામ, તા. ૬
વડગામ તાલુકાના સિસરાણા ગામે એક મહિલાના ગળે છરી ભરાવી ૧૪ મહિનાની પુત્રી સાથે અપહરણ કરાતાં સિસરાણા પંથકમાં ચકચાર મચી ગઈ હતી.

વડગામ તાલુકાના સિસરાણા ગામે ૧૭ ફેબ્રુ.એ ગામની એક મહિલાને ગળા ઉપર છરી ભરાવી તેની ૧૪ મહિનાની દિકરી સાથે ઈકો ગાડીમાં દાંતીવાડાનો એક યુવક અને તેની સાથેના અન્ય બે શખ્સોએ અપહરણ કર્યું હતુ. આરોપીએ મહિલા અને તેની પુત્રીને મારી નાંખવાની ધમકી આપી મહિલાએ પહેરેલા સવા અગિયાર તોલા સોનાના દાગીના જેની કિંમત રૂપિયા આશરે ૪ લાખ રુપિયાના ઉતરાવી લઈ મહિલાને અલગ અલગ જગ્યાએ લઈ જઈ તેની ઉપર દુષ્કર્મ આચાર્યુ હતું.
પરિવારજનોની શોધખોળના અંતે મહિલા અને તેની પુત્રી સાથે મળી આવતાં મહિલાએ અપહરણ કરનાર યુવક અને તેની સાથેના અન્ય બે શખ્સો વિરૂદ્ધ વડગામ પોલીસ મથકે ફરિયાદ નોધાવતા પોલીસે અપહરણ કરનાર યુવકની ધરપકડ કરી અન્ય બે શખ્સોની તપાસ હાથ ધરી છે. વડગામ પંથકમાં આ બનાવથી ચકચાર મચી જવા પામી છે.

# ડીસાના ગુલબાણીનગરમાં આખરે ગંદકીનું નિરાકરણ

## ડીપી રોડના પ્રશ્નનું નિરાકરણ લાવવાની માંગ

ડીસા, તા. ૬
ડીસા શહેરમાં આવેલા ગુલબાણીનગર વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી ગટરના ગંદા પાણી ઉભરાવાની સમસ્યાથી સ્થાનિકો હેરાનપરેશાન થઈ ચુક્યા હતા. સ્થાનિકો દ્વારા વારંવાર નગરપાલિકાના ચીફ ઓફિસર તથા પ્રમુખને લેખિત મૌખિક રજુઆત કરવામાં આવી હતી પરંતુ કોઈ જ કાર્યવાહી કરવામાં ના આવતાં સ્થાનિકો દ્વારા ભારે આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો. જ્યારે થોડા દિવસમાં હવે હોળીનો તહેવાર આવતો હોઈ સોસાયટીના રહીશો દ્વારા દર વર્ષે આ જગ્યા ઉપર હોળી પ્રગટાવવામાં આવે છે અને હજારો લોકો દ્વારા દર્શનનો લાભ લેવામાં આવે છે જ્યારે આ જગ્યા ઉપર ગટરનાં ગંદા પાણી ઉભરાઈ રહ્યા હોઈ સ્થાનિકો દ્વારા ધાર્મિક તહેવારની ઉજવણીના ભાગરૂપે નગરપાલિકા, મામલતદાર, નાયબ કલેકટર તથા આરોગ્ય વિભાગને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી અને તાત્કાલિક અસરથી ગંદા પાણીના નિકાલ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી તેમજ વહીવટીતંત્રનું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.



જેના પગલે ડીસા નગરપાલિકાના ઉત્સાહી ચીફ ઓફિસર ઉપેન્દ્રભાઈ ગઢવી પોતાની ટીમ સાથે ગુલબાણીનગર વિસ્તારમાં પહોંચી ગયા હતા અને તાત્કાલિક ધોરણે ગંદા પાણીનો નિકાલ કરવાની યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. જેના પગલે ગુલબાણીનગરના રહીશોમાં આનંદની લાગણી છવાઈ હતી અને નગરપાલિકા દ્વારા રોલર મશીન ટ્રેક્ટર સાથે રસ્તા વચ્ચે પડેલા પથ્થરો પણ દુર કરવામાં આવ્યા હતા અને ગંદા પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો અને ઉપર માટી પાથરીને રસ્તાની સાફસફાઈ કરવામાં આવી હતી.

ચીફ ઓફિસર દ્વારા જણાવાયું હતું કે ઘણા સમયથી ગુલબાણીનગર સોસાયટીના રહીશોની રજુઆત હતી અને ગંદા પાણીના નિકાલ કરવામાં આવે તેવી માંગ હતી આજે નગરપાલિકા દ્વારા સેનિટેશન શાખાના ટીમ સાથે ગુલબાણીનગર વિસ્તારમાં પહોંચીને ગંદા પાણીના નિકાલ કરવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે અને ભવિષ્યમાં ગંદા પાણી રસ્તા ઉપર ના ફેલાય તેવી પણ નગરપાલિકા દ્વારા તકેદારી રાખવામાં આવશે. જ્યારે ગુલબાણીનગરના રહીશો દ્વારા ગુલબાણીનગર વિસ્તારમાંથી નીકળતો ડીપી રોડ પણ નગરપાલિકા તથા વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક ખુલ્લો કરાવામાં આવે જેથી ડીસા હાઈવે ઉપર તેમજ શહેરમાં વધતી જતી ટ્રાફીક સમસ્યાની સમસ્યા દૂર થઈ શકે અને વષોથી આ વિવાદ ચાલી રહ્યો છે જેનો તાત્કાલિક નિકાલ કરવામાં આવે તેવી સ્થાનિકો દ્વારા માંગ કરવામાં આવી હતી, જ્યારે વષો જુના ગુલબાણીનગર વિસ્તારમાં નગરપાલિકા દ્વારા સાફસફાઈ કરવામાં આવી તે બદલ સ્થાનિક રહીશોએ નગરપાલિકાના ઉત્સાહી ચીફ ઓફિસર ઉપેન્દ્રભાઈ ગઢવી તથા પાલિકા સ્ટાફનો આભાર માન્યો હતો.

# વડગામની હાઈસ્કૂલના શિક્ષક દ્વારા સિંગલયુક્ત પ્લાસ્ટિકને ન વાપરવાની અનોખી પહેલ

## સ્કૂલમાં ૨૫૦૦૦ પ્લાસ્ટિકની બોટલો અને ૫૦ કિલો પ્લાસ્ટિકની થેલીઓથી પ્લાસ્ટિક હાઉસ બનાવ્યું

વડગામ, તા. ૬
વડગામની શ્રી વી.જે. પટેલ હાઈસ્કૂલના શિક્ષક એસ.વી. રહેવર દ્વારા સિંગલ યુક્ત પ્લાસ્ટિકને ન વાપરવાની અનોખી પહેલ શરૂ કરી હતી. અને જાતે હાઈસ્કૂલમાં ૨૫૦૦૦ પ્લાસ્ટિકની બોટલો અને ૫૦ કિલો પ્લાસ્ટિકની થેલીઓથી અનોખી પહેલ કરી દેશના લોકોને સંદેશ પહોંચાડવાની કોશિષ કરી હતી. ત્યારે ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી અંતર્ગત વી.જે. પટેલના શિક્ષકે સિંગલ યુક્ત પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાન પર અમલ કરીને સમાજ અને શિક્ષણ જગતને અલખ રાહ બતાવી હતી. આ કાર્યક્રમમાં



પ્લાસ્ટિક હાઉસ બનાવ્યું હતું.

વડગામની શ્રી વી.જે. પટેલ હાઈસ્કૂલના શિક્ષક એસ.વી. રહેવર દ્વારા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબની સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત પ્લાસ્ટિક મુક્ત ભારત બનાવવાની ભાગરૂપે અને નરેન્દ્ર ભાઈ મોદીના સ્વપ્રને સાકાર કરવા પોતાના સ્કૂલમાંથી પ્લાસ્ટિક મુક્ત ભારત બનાવવા એક અનોખી પહેલ કરી હતી. જેમાં વડગામ તાલુકાના તમામ ગામોમાંથી પ્લાસ્ટિકની વેસ્ટ બોટલથી અને વેસ્ટ પ્લાસ્ટિક એકઠો કરી પ્લાસ્ટિક મુક્ત ભારત કરવા માટે પોતાના સ્વખર્ચે શાળામાં ભણતા વિદ્યાર્થી તેમજ શિક્ષકના ઘરે તેમજ પોતે આખા તાલુકાના વિવિધ ગામોમાં ફરી લગભગ ૨૫૦૦૦ પ્લાસ્ટિકની બોટલો તેમજ ૫૦ કિલો પ્લાસ્ટિકની થેલીઓ તેમજ પ્લાસ્ટિકની અન્ય વસ્તુઓ એકઠી કરી હાઈસ્કૂલમાં પ્લાસ્ટિક હાઉસ બનાવી પ્લાસ્ટિક મુક્ત ભારતની શિક્ષક દ્વારા આ વડગામ મામલતદાર આર.સી. ઠાકોર, ટીડીઓ એ.એચ. પરમાર તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના કો-ઓર્ડીનેટર હાઈસ્કૂલના પ્રિન્સિપાલ રાકેશભાઈ અને સ્ટાફ અને બાળકો હાજર રહ્યા હતા. ત્યારે આં અંગે એસ.પી. રહેવરે જણાવ્યું હતું કે પ્લાસ્ટીકનો હવે ઉપયોગ ન કરવા માટે સંકલ્પ કર્યો હતો. છેલ્લા ચાર મહિનાથી પ્લાસ્ટિકની બોટલો તથા પ્લાસ્ટીકના કાગળ એકઠા કરવાનું કામ મે કર્યું છે. અને હું પ્લાસ્ટિકનો ઉપયોગ માટે ઘરે કે સ્કૂલમાં પણ કરતો નથી અને આં અંગે બાળકોને માહિતગાર કરવા મે હાઈસ્કુલમાં પ્લાસ્ટિકહાઉસ બનાવી તેના નુકસાન અંગે બાળકોને જણાવ્યું છે અને આગળ પણ આ કાર્યો કરતો રહીશ. આ કાર્યક્રમ કરવાનો મુખ્ય હેતુ આ શાળાના બાળકો સજાગ થાય અને પ્લાસ્ટિક વાપરવાનું કેટલો ખતરનાક છે તે શાળાના આચાર્ય રાકેશભાઈ પ્રજાપતિએ સમજાવ્યું હતુ,

# સ્ટીડ ગ્રૂપ અને યુનિવર્સિટી ઓફ હડર્સફિલ્ડ એ લંડનમાં એક નવા કેમ્પસનું લોન્ચિંગ કર્યું

લંડનમાં આ નવું કેમ્પસ, સપ્ટેમ્બર ૨૦૨૦માં અમદાવાદમાં શરૂ થનારા તેમના પ્રથમ ઈન્ટેકને પ્રોત્સાહન આપવા માટે શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું આયોજન કરી રહ્યું છે

સ્ટડી ગ્રૂપ સપ્ટેમ્બર ૨૦૨૦ની શરૂઆતમાં જ યુનિવર્સિટી ઓફ હડર્સફિલ્ડ-લંડન ખાતે સપ્ટેમ્બર ૨૦૨૦માં પોતાના પ્રથમ ઈન્ટેકની સાથે અમદાવાદમાં શરૂ થયા બાદ પોસ્ટ ગ્રેજ્યુએશન પ્રોગ્રામની શરૂઆત કરવાની જાહેરાત કરતા અત્યંત આનંદ અનુભવે છે. સ્ટીડ ગ્રૂપ અને યુનિવર્સિટી હડર્સફિલ્ડ (લંડન)એ આ વર્ષે સપ્ટેમ્બર મહિનામાં પ્રોગ્રામ અને ઈનટેકની જાહેરાત કરવામાં સહયોગ આપ્યો છે. ગ્રીનવિચ કેમ્પસમાં, યુનિવર્સિટી ઓફ હડર્સફિલ્ડ-લંડન શરૂઆતમાં બે પોસ્ટ ગ્રેજ્યુએશન પ્રોગ્રામ ઉપલબ્ધ કરાશે. એમએસસી એકાઉન્ટિંગ અને ફાઈનાન્સ

એમએસસી ઈન્ટરનેશનલ બિઝનેસ ટીચિંગ એક્સેલન્સ ફ્રેમવર્ક (ટીઈએફ) દ્વારા યુનિવર્સિટી ઓફ હડર્સફિલ્ડને સેન્ટર ઓફ એક્સિલેન્સ અને ગોલ્ડ-રેટેડ યુનિવર્સિટી તરીકે માન્યતા આપવામાં આવી છે. પ્લેસમેન્ટ દ્વારા તેના પોસ્ટગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને ૯૩.૮ ટકા રોજગારી પુરી પાડવાનો પ્રભાવશાળી રેકોર્ડ તેમની પાસે છે. ભારતમાં તેઓ સપ્ટેમ્બર ૨૦૨૦માં અમદાવાદમાં શરૂ થનારી પ્રથમ ઈનટેકને પ્રોત્સાહન આપવા માટે શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું આયોજન કરી રહ્યા છે. આ જાહેરાત અમદાવાદ ખાતે નિર્ધારિત કરવામાં હતી જ્યાં લંડનમાં યુનિવર્સિટી અને સ્ટડી ગ્રૂપના મહાનુભાવો હાજર રહ્યા હતા. યુકે-ડિવિઝન સ્ટડી ગ્રૂપના ગ્લોબલ સેલ્સ ડિરેક્ટર મુખ્ય અતિથિ નીલ ક્રિસ્ટી હતા, જેઓ આંતરરાષ્ટ્રીય શિક્ષણ ક્ષેત્રના અગ્રણી વ્યક્તિ છે.

# ગાંધીનગરમાં આઈઆઈટીઈના પ્લેસમેન્ટ પોર્ટલ-'આદિત્ય'નું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૬
મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ભારતીય શિક્ષક પ્રશિક્ષક સંસ્થાન (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન-આઈઆઈટીઈ) દ્વારા તૈયાર કરવામાં આવેલા જોબ પ્લેસમેન્ટ પોર્ટલ 'આદિત્ય'-(એકમ્પ્લિશિંગ ડ્રીમ્સ ફોર ઈન્ડિયન ટીચર્સ એન્ડ ર્યનિંગ એડમિનિસ્ટ્રેટર્સ)નું ગાંધીનગરમાં લોકાર્પણ કર્યુ હતું.

શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહજી ચૂડાસમા આ લોકાર્પણ વેળાએ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીએ આદિત્ય પોર્ટલ લોકાપર્ણ કરતાં જણાવ્યું કે, ''ભારત જયારે ૫ ટ્રિલિયન ડૉલર્સનું અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે આપણે તાલીમબદ્ધ મેનપાવર (માનવબળ) પણ નિકાસ કરવાનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્રને સાકાર કરવા માટે આઈઆઈટીઈ શિક્ષણ માટેના વૈશ્વિક ધારાધોરણો અને માપદંડો આધારિત ભારતીય જ્ઞાન



પરંપરાના મૂલ્યોથી સંવર્ધિત થયેલાં શિક્ષકોનું ઘડતર કરી રહી છે.''

તેમણે એમ પણ જણાવ્યું હતું કે ''આદિત્ય જોબ પોર્ટલ જેવી સુવિધાઓથી આપણા વિદ્યાર્થીઓને દેશ-વિદેશની વિવિધ શાળાઓમાં કામ કરવાની તકો ઉપલબ્ધ થશે. એટલું જ નહિ ગુણવત્તાયુક્ત તાલીમબદ્ધ શિક્ષકો ઈચ્છતી શાળાઓને પણ આ પોર્ટલના માધ્યમથી કૌશલ્યસભર શિક્ષકો સરળતાએ પારદર્શી પદ્ધતિથી મળી શકશે.''

વિજયભાઈ રૂપાણીએ મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે તાજેતરમાં આઈઆઈટીઈ દ્વારા યોજવામાં આવેલા કોમ્યુનિટી આઉટરીચ પ્રોગ્રામ - 'બાપૂ સ્કૂલ મેં' અભિયાનની પણ સરાહના કરી હતી.

## કડાકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના શેરમાં પણ નોંધપાત્ર ઘટાડો રહ્યો હતો. અન્ય બેંકિંગ શેર પણ પત્તાના મહેલની જેમ ધરાશાયી થયા હતા. નિફ્ટી બેંક ઈન્ડેક્સ ૨૭૭૮૧ની સપાટીએ રહ્યો હતો તેમાં ૧૦૦૦ પોઈન્ટ અથવા તો ૩.૬ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઇ મિડકેપમાં ૩૪૩.૫ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો જેથી તેની સપાટી ૧૪૨૨૭ રહી હતી. સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૨૬૧ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૩૩૩૦ રહી હતી. વૈશ્વિક શેરબજારોમાં પણ આજે અફડાતફડી રહી હતી. કોરોના વાયરસની દહેશત દિનપ્રતિદિન વધી રહી છે જેથી કારોબારીઓ ભારે દહેશતમાં છે. શેરબજારમાં હાલમાં કોરોના વાયરસની અસર સીધી રીતે જોવા મળી રહી છે. જેના લીધે મુડીરોકાણકારો જંગી નાણાં રોકવાના મુડમાં દેખાઈ રહ્યા નથી. સ્થિતિમાં સુધારો થાય તેની રાહ જોવાઈ રહી છે. શેરબજારમાં પ્રવાહી સ્થિતી હોવા છતાં વિદેશી રોકાણકારો ભારતીય બજારને લઈને આશાવાદી બનેલા છે. ડિપોઝિટરી ડેટા દર્શાવે છે કે, વિદેશી મૂડીરોકણકરોએ ત્રીજીથી ૨૮મી ફેબ્રુઆરી વચ્ચેના ગાળામાં ઈક્વિટીમાં ૧૮૨૦ કરોડ રૂપિયા ઠાલવ્યા છે જ્યારે ડેબ્ટ માર્કેટમાં આ ગાળા દરમિયાન ૪૭૩૪ કરોડ રૂપિયા ઠાલવ્યા છે. આની સાથે જ સમીક્ષા હેઠળના ગાળા દરમિયાન કુલ રોકાણનો આંકડો ૬૫૫૪ કરોડ રૂપિયા રહ્યો છે. ગયા શુક્રવારના દિવસે શેરબજારમાં સેંસેક્સે તેના ઈતિહાસમાં બીજો સૌથી મોટો ઘટાડો કર્યો હતો. એ દિવસે સેંસેક્સમાં ૧૪૪૮ પોઈન્ટનો ઘટાડો થયો હતો જેથી એક જ દિવસમાં કારોબારીઓએ લાખો કરોડો રૂપિયા ગુમાવી દીધા હતા.રિપોર્ટ મુજબ સરકાર તરફથી યશ બેંકને બચાવી લેવા માટે એક યોજના તૈયાર કરવામાં આવી ચુકી છે. જેમાં ભારતીય સ્ટેટ બેંકનુ નામ આગળ કરવમાં આવ્યું છે. સરકાર એસબીઆઈના નેતૃત્વમાં બનાવવામાં આવેલા કન્સોર્ટિયમ મારફતે યશ બેંકમાં હિસ્સેદારીને ખરીદવા માટે વિચારણા કરી રહી છે. યશ બેંકના પ્રમોટરોની બેંકમાં હિસ્સેદારી ૮.૩૩ ટકા છે. જ્યારે એમએફ અને વિદેશી મુડીરોકાણકારી પાસે ૩૧મી ડિસેમ્બર સુધી ક્રમશઃ ૫.૦૯ ટકા અને ૧૫.૧૭ ટકાની હિસ્સેદારી રહેલી છે. એસબીઆઈના શેરમાં આજે આંશિક રાહત રહી હતી. સારથી ગ્રુપના પાર્ટનર અને સીઈઓ દ્વારા આજે જણાવવામાં આવ્યું હતું કે, સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

## સુરક્ષિત છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેંકની વેબસાઈટ પર પુરતી માહિતી આપવામાં આવી ચુકી છે. તેમણે કહ્યું હતું કે, બેંક કર્મચારીઓની નોકરી એક વર્ષ સુધી સુરક્ષિત છે. તેમના વેતન પણ એક વર્ષ સુધી સુરક્ષિત છે. જમા રકમ અને અન્ય ચીજોને કોઈ અસર થશે નહીં. આરબીઆઈ આ અંગેની માહિતી મેળવશે કે યશ બેંકમાં કઈ બાબત ખોટી થઈ છે તેમાં વ્યક્તિગત ભૂમિકાની તપાસ કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, બેંકે કેટલાક મોટાગ્રુપને લોન આપી હતી જેના કારણે આજે આ હાલત થઈ છે. આરબીઆઈ ૨૦૧૭થી યશ બેંક ઉપર નજર રાખે છે. બેંકમાં ગેરરિતીના સંદર્ભમાં તપાસ સંસ્થાઓને પણ માહિતી છે. જોખમ ભરેલી લોન અંગે નિર્ણયની માહિતી મળ્યા બાદ રિઝર્વ બેંકે મેનેજમેન્ટમાં ફેરવાર કરવા અંગે ભાર મુક્યો હતો. રિઝર્વ બેંકે કહ્યું છે કે, સ્ટ્રેટિજિક ઈન્વેસ્ટર્સ બેંક ૪૯ ટકાના ઈક્વિટી લગાવશે.

## ગાયબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતું કે ''જે થ્રીલેયર કે ફાઈવ લેયર ફેસ માસ્ક આસાનીથી મળતા હતા તે અમને તો જથ્થાબંધ વેપારીઓ દ્વારા સ્ટોક ઉપલબ્ધ નથી તેવું જણાવી દેવામાં આવી રહ્યું છે અને અગાઉ ક્યારેય આટલી માંગ રહી ના હોવાથી તેનો જે મર્યાદિત સ્ટોક હતો તે પુરો થઈ ગયો છે. હેન્ડ સેનેટાઈઝરનો સ્ટોક પણ હાલ ઉત્પાદન કક્ષાએથી માંગના પ્રમાણમાં ઓછો મળતો હોવાથી બજારમાં તેની તંગી સર્જાવા પામી છે અને ગ્રાહકોને ધરમધક્કા પડી રહ્યાં છે.'' કુડાસણમાં એપોલો ફાર્મસીના સ્ટોર્સ પર પણ મલ્ટીલેયર ફેસમાસ્ક કે હેન્ડ સેનેટાઈઝરનો સ્ટોક નહી હોવાનું જાણવા મળ્યુ હતુ બીજી તરફ હેન્ડ સેનેટાઈઝરના કાળા બજાર થઈ રહ્યા હોવાનું જેમાં તેનો ભાવ રૂ. ૧૦૦ થી રૂ. ૧૭૦ના બદલે રૂ. ૩૦૦ થી રૂ. ૪૫૦ સુધી વસુલાતો હોવાની માહિતી પણ પ્રાપ્ત થઈ રહી છે. જ્યારે સાદા ફેસ માસ્કના પણ રૂ. ૧૦ થી ૨૦નો ભાવ વધીને રૂ. ૩૦ થી ૫૦ સુધી પહોંચી જવા પામ્યો છે.

## વિદ્યાર્થીઓ ખુશ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. બોર્ડ પરીક્ષાના પ્રારંભે સામાન્ય પ્રવાહમાં નામાના મુળતત્વોની પરીક્ષા હતી. જયારે પરીક્ષાના પ્રારંભે જ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓ ખુશહા જોવા મળ્યા હતા. જયારે આજે બીજા દિવસે આંકડાશાસ્ત્ર અને ઈતિહાસની પરીક્ષા હતી. આંકડાશાસ્ત્રના પેપરમાં વિભાગ અ માં ૧૦ વિકલ્પો તેમજ વિભાગ બી માં ૯ પ્રશ્નો સ્વાધ્યાયમાંથી પુછાયા હતા. માહી કોર્મસ ઝોનના વિષય નિષ્ણાંત દશરથસિંહ ખેરે જણાંવ્યા મુજબ દાખલામાં પણ સામાન્ય બદલાવ તેમજ નામ બદલીને પુછાયા હતા. સ્વાધ્યાયના દાખલા પણ વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થયા હતા. આંકડાશાસ્ત્રનુ પેપર વિદ્યાર્થીઓ માટે ખુબ જ સરળ અને બલ્યુ પ્રિન્ટ આધારિત રહ્યુ હતુ.

## ગૌચર ઘટ્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહેસુલ મંત્રીએ જણાવ્યુ હતુ કે તમે ૧૫મી ફેબ્રુઆરીના રોજ જિલ્લા સંકલન સમિતિમાં પણ આ પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો. તમને જણાવવાનું કે આ માટે બે વિભાગો કામ કરી રહ્યા છે. એક મહેસુલ અને બીજુ પંચાયત વિભાગ. પંચાયત વિભાગને આ માહિતી મળી ત્યારે તેણે દબાણ દૂર કરવાની નોટીસ આપી છે. પરંતુ તમારી જાણ માટે કહુ કે મોટી ભોંયણ ગામની ગ્રામ પંચાયતે આ માટે બે વખત પ્રસ્તાવ પસાર કરી રજુ કર્યો છે. મહેસુલ વિભાગ સરકારી નીતિ નિયમો પ્રમાણે આપે તો તેમાં વાંધા સરખુ નથી. તેમણે કહ્યુ હતુ કે જે કાગળ પર હશે તે પ્રમાણે પગલાં લેવામાં આવશે.

મહેસુલ મંત્રીએ જણાવ્યુ હતુ કે રાજ્યમાં ૨૭૫૪ ગામોમાં ગૌચર નથી. ૪ કરોડ ૭૫ લાખ ચો.મી. ગૌચરની જમીન પર દબાણો છે. કોંગીના જ શૈલેષ પરમારના પૂરક પ્રસ્તાવના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ હતુ કે ૧૦૦ પશુઓએ ૪૦ એકર જમીન ગૌચરની હોવી જોઈએ. દર પાંચ વર્ષે પશુધનની ગણતરી કરવામાં આવે છે. ગૌચર વિકાસફંડ પણ બનાવવામાં આવ્યુ છે. તેમણે સભ્યોની હો-હા વચ્ચે જણાવ્યુ હતુ કે વિકાસ ફંડ થકી ગૌચર વધારવામાં આવ્યું છે.

## બસો દોડશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. આ વર્ષે પણ આ પર્વને ધ્યાને લઈને તા ૬ થી ૧૦ માર્ચ દરમિયાન દાહોદ ,ઝાલોદ, ગોધરા, સંતરામપુર અને બરોડા સહીતના વિસ્તારમાં બસો દોડવાશે. આ રૂટમાં મુસાફરોની સંખ્યા ધ્યાને લઈને બસો દોડાવાશે. એસ ટી નિગમ દ્વારા લગ્નવર્ધિ , સરકારી કાર્યક્રમ સહીત અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો માટે પણ બસો દોડાવામાં આવે છે. જયારે આ વધારાની બસો દોડાવીને એસ ટી નિગમ વધારાની આવક પણ મેળવી લે છે. જો કે વધારાની આવક રળ્યા બાદ પણ એસ ટી તંત્ર દ્વારા મુસાફરલક્ષી સુવિધાઓ અપગ્રેડ કરાતી નથી. એટલુ જ નહી પરંતુ ડેપો સંકુલામાં મુસાફરોની સલામતીના નામે પણ મીંડુ ચિતરાયેલુ જોવા મળે છે. એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતી માટે છેલ્લા ઘણાં સમયથી પોલીસ પહેરો મુકવા માટે રજુઆતો થઈ રહી છે.

## વિધાનસભામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જવાબદાર એમ્પલોયર સામે ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વકર્સ એકટ ૧૯૯૬ તથા તે હેઠળના ગુજરાતના નિયમો ૨૦૦૩ અન્વયે વિવિધ જોગવાઈઓના ભંગ બદલ કુલ ૨૪ કેસો કોર્ટમાં તેમજ ૩૨ કેસ ચીફ ઈન્સ્પેકશન ઓફ ઈન્સ્પેકશન ઓથોરિટીની કોર્ટમાં દાખલ કર્યા છે. જયારે આ પ્રકારના અકસ્માતો અટકાવવા માટે સરકાર દ્વારા સલામતીની બાબતોનુ નિરિક્ષણ પણ કરવામાં આવે છે.શ્રમયોગીઓને નિષ્ણાંત સેફટી ઓફિસર્સ દ્વારા તાલીમ પણ આપવામાં આવે છે.સુરક્ષા સાધનોનુ પ્રદર્શન પણ રાખવામાં આવે છે.

● **ખોટા વસિયત નામા બનાવી ખેડુત બનવાની બે ફરિયાદ**

જિલ્લામાં ખોટા વસિયતનામા બનાવી ખેડુત ખાતેદાર બનવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી તેવા જવાબમાં મહેસુલ મંત્રીએ જણાંવ્યા મુજબ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાંથી એક એક ફરિયાદ મળી છે. જયારે આ ફરિયાદ અન્વયે સરકાર કક્ષાએ જરૂરી પગલા પણ લેવામાં આવ્યા છે.

● **રાજા હરિશચંદ્ર મરણોત્તર યોજના હેઠળ ૨૧૩ લાભાર્થીઓને સહાય**

જિલ્લામાં રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ અનુસુચિત જાતિના લાભાર્થીઓને સહાય આપવા સંદર્ભે ૨૨૦ અરજીઓ મળી હતી. જયારે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં ન્યાય અધિકારીતા મંત્રીએ વધુમાં જણાંવ્યા મુજબ આ પૈકી ૨૧૩ અરજીઓ મંજુર કરવામાં આવી છે. જયારે આ અન્વયે ૧૦.૬૫ લાખની સહાય પણ ચુકવવામાં આવી છે.